# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-01-2025** **MORNING: 7.45 to 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે કેન્દ્રીય મંત્રીમંડળે લીધેલા નિર્ણયોને મહત્વપૂર્ણ ખનિજોમાં આત્મનિર્ભરતા તરફનું એક મોટું પગલું ગણાવ્યું**

2. **મહાકુંભમાં થયેલી દુર્ઘટનાની ન્યાયિક તપાસનો ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો આદેશ**

3. **ડોનાલ્ડ ટ્રમ્પે ક્યુબાના ગુઆન્ટાનામો ખાડીમાં યુએસ નેવી બેઝ પર 30 હજાર બેડનું સ્થળાંતર અટકાયત કેન્દ્ર બનાવવાની જાહેરાત કરી**

4. **રાષ્ટ્ર આજે મહાત્મા ગાંધીને તેમની 77મી પુણ્યતિથિ અને શહીદ દિવસ પર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે**

5. **આગામી 3-4 દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર, લદ્દાખ-ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની આગાહી**

.........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM- CABINET DECISIONS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે કેન્દ્રીય મંત્રીમંડળે લીધેલા નિર્ણયોને મહત્વપૂર્ણ ખનિજોમાં આત્મનિર્ભરતા તરફનું એક મોટું પગલું ગણાવ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે, રાષ્ટ્રીય મહત્વપૂર્ણ ખનિજ મિશન અંગે કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય ભારતના હાઇ-ટેક, સ્વચ્છ ઉર્જા, સંરક્ષણ અને અન્ય મુખ્ય ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે.

તેમણે ઉમેર્યું કે, સુધારેલા ઇથેનોલ પ્રાપ્તિ ભાવ સંબંધિત નિર્ણય ઇથેનોલ ઉત્પાદન અને મિશ્રણ લક્ષ્યોને વધારવામાં મદદ કરશે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે તે ક્રૂડ આયાત ઘટાડવામાં, ખેડૂતોને સશક્ત બનાવવા અને સ્વચ્છ ઉર્જાને પ્રોત્સાહન આપવામાં પણ મદદ કરશે.

# ALL PARTY MEETING

સંસદના બજેટ સત્ર અગાઉ સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સંસદનું બજેટ સત્ર આવતીકાલથી શરૂ થશે. શનિવારે, નાણામંત્રી નિર્મલા સીતારમણ સંસદમાં કેન્દ્રીય બજેટ 2025-26 રજૂ કરશે.

# DELHI-CAMPAIGN

પાંચ ફેબ્રુઆરીએ યોજાનારી દિલ્હી વિધાનસભા ચૂંટણીની માટેનો પ્રચાર વેગ પકડી રહ્યો છે. ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના

અગ્રણી નેતાઓ રેલીઓ, રોડ શો અને ડોર-ટુ-ડોર પ્રચાર કરીને મતદારોને તેમના ઉમેદવારોની તરફેણમાં આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે એક ચૂંટણી રેલીમાં આમ આદમી પાર્ટી પર યમુના નદી વિશે જુઠ્ઠાણું ફેલાવવાનો અને દિલ્હીના રહેવાસીઓને ખોટા વચનો આપવાનો આરોપ લગાવ્યો.

દરમિયાન, કોંગ્રેસે મફત આરોગ્ય વીમો આપવાનું વચન આપતો પોતાનો ચૂંટણી ઢંઢેરો રજૂ કર્યો. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે બે જાહેર રેલીને સંબોધિત કરી, જ્યારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ત્રણ મેગા રોડ શો કર્યા.

# MAHAKUMBH JUDICIAL INQUIRY

પ્રયાગરાજના સંગમતીર્થ ખાતે થયેલી દોડધામમાં 30 શ્રધ્ધાળુઓના મોત થયા છે.. આ દુર્ઘટનાની ન્યાયિક તપાસનો ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આદેશ આપ્યો છે.

## (બાઇટ- યોગી આદિત્યનાથ. મુખ્યમંત્રી,ઉત્તર પ્રદેશ)

પ્રયાગરાજના સંગમતીર્થ અંગે પ્રસ્તુત છે અમારા પ્રતિનિધિ નો અહેવાલ ..

## (VOICE CAST : DIPENDRA)

# US TRUMP-MIGRANT DETENTION FACILITY

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ક્યુબાના ગુઆન્ટાનામો ખાડીમાં યુએસ નેવી બેઝ પર 30 હજાર બેડનું સ્થળાંતર અટકાયત કેદ્ર બનાવવાની જાહેરાત કરી છે. આ નવું કેન્દ્ર હાલની ઉચ્ચ-સુરક્ષા જેલથી અલગ હશે અને તેમાં ગેરકાયદેસર વિદેશીઓને રાખવામાં આવશે..

ઇમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ દ્વારા સંચાલિત આ સુવિધા, હાલની જગ્યાનું વિસ્તરણ કરશે અને દરિયામાં રોકાયેલા સ્થળાંતર કરનારાઓને રાખી શકશે.

દરમિયાન, ક્યુબાની સરકારે આ પગલાની નિંદા કરી છે, તેને ગેરકાયદેસર અને અમાનવીય ગણાવ્યું છે. ગ્વાન્ટાનામો ખાડી લાંબા સમયથી વિવાદાસ્પદ રહી છે, ભૂતકાળમાં અટકાયતીઓ સાથે દુર્વ્યવહારના આરોપો પણ લગાવવામાં આવી રહ્યાં છે.

# MORN. US-INDIA CAUCUS

અમેરિકન લોકશાહીના કાયદા નિર્માતા RO ખન્નાએ જાહેરાત કરી કે, રિપબ્લિકન સહયોગી રિચ મેકકોર્મિક તેમની સાથે દ્વિપક્ષીય કોંગ્રેસનલ કોકસ ઓન ઈન્ડિયાના સહ-અધ્યક્ષ તરીકે જોડાશે.

તેઓ માઈક વોલ્ઝનું સ્થાન લેશે. માઇક વોલ્ઝ હવે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિયુક્ત થયા છે. પ્રતિનિધિઓ એન્ડી બાર અને માર્ક વીસી ઉપ-અધ્યક્ષ તરીકે સેવારત રહેશે.

બ્રેડ શેરમન, જેમણે અગાઉ અધ્યક્ષ તરીકે સેવા આપી હતી, તેઓ સેવા આપવાનું યથાવત રાખશે. ભારત સાથે મજબૂત ભાગીદારી તેમના અર્થતંત્ર અને રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# GANDHI- SARVA-DHARMA PRAYER

રાષ્ટ્ર આજે મહાત્મા ગાંધીને તેમની 77મી પુણ્યતિથિ અને શહીદ દિવસ સમારોહ પર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. આ પ્રસંગે, આજે સવારે નવી દિલ્હીમાં રાજઘાટ સ્થિત ગાંધી સમાધિ ખાતે સર્વ-ધર્મ પ્રાર્થના યોજાશે.

દર વર્ષે 30 જાન્યુઆરીએ, રાષ્ટ્ર મહાત્મા ગાંધીના જીવન અને વારસાનું સન્માન કરે છે, જે ભારતના સ્વતંત્રતા સંગ્રામના માર્ગદર્શક હતા. આ દિવસને શહીદ દિવસ અથવા શહીદ દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.

# CHESS - TATA STEEL

ભારતના ડી. ગુકેશે નેધરલેન્ડ્સના વિજ્કન ઝી ખાતે 2025 ટાટા સ્ટીલ ચેસ ટુર્નામેન્ટમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. તેણે ગઈકાલે રાત્રે રાઉન્ડ 10 માં ડચના ગ્રાન્ડમાસ્ટર મેક્સ વોર્મરડેમને હરાવીને માસ્ટર્સ કેટેગરીમાં પોતાની સરસાઇ યથાવત રાખી છે.

ડી.ગુકેશે પીર્ક ડિફેન્સનો ઉપયોગ કર્યો અને વોર્મરડેમની એક મહત્વપૂર્ણ ભૂલનો લાભ ઉઠાવીને 27 મી ચાલ પર વિજય મેળવ્યો.

સૌથી નાની ઉંમરના વર્લ્ડ ચેસ ચેમ્પિયન બન્યા પછી આ ડી.ગુકેશની પહેલી ટુર્નામેન્ટ છે. અગાઉ, રાઉન્ડ 9 માં, તેણે સ્પેનિશ ઓપનિંગમાં લિયોન લ્યુક મેન્ડોન્કાને હરાવીને લીડ મેળવી હતી..

# VIRAT KOHLI

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી રણજી ટ્રોફીમાં દિલ્હીની ટીમ માંથી પુનરાગમન કરશે.

તેઓ આજે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રણજી ટ્રોફીમાં રેલવે સામે રમશે. મેચ આજે સવારે 9:30 કલાકે શરૂ થશે. વિરાટ કોહલી આયુષ બદોનીની કેપ્ટનશીપ હેઠળ રમશે.

ઉપલબ્ધતા હોય તો ઘરેલુ ક્રિકેટ રમવાના BCCIના આદેશ પછી કોહલી સ્થાનિક ક્રિકેટમાં રમશે. દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસિએશન (DDCA) એ જાહેરાત કરી છે કે હંમેશની જેમ આ રણજી મેચોમાં પણ દર્શકો માટે પ્રવેશ મફત રહેશે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 3-4 દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર, લદ્દાખ-ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની ગતિવિધિઓની આગાહી કરી છે. શનિવાર સુધી હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે. IMD એ જણાવ્યું હતું કે આગામી 5 દિવસ દરમિયાન પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, વિદર્ભ, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

હવામાન એજન્સીએ જણાવ્યું હતું કે ઉત્તરપૂર્વ આસામ પર નીચા ઉષ્ણકટિબંધીય સ્તરે ચક્રવાતી પરિભ્રમણ છે. તેના પ્રભાવ હેઠળ, શનિવાર સુધી અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

IMD એ એમ પણ કહ્યું છે કે ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, દરિયાકાંઠાના ઓડિશા, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમના કેટલાક ભાગોમાં રાત્રિના સમયે ખૂબ જ ગાઢ ધુમ્મસની સ્થિતિ 1 ફેબ્રુઆરી સુધી યથાવત રહેશે. દરમિયાન, રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના કેટલાક ભાગોમાં આજે સવારે ધુમ્મસ જોવા મળ્યું હતું.

# SOUTH AFRICA-DRC

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ સિરિલ રામાફોસાએ 13 દક્ષિણ આફ્રિકાના શાંતિ રક્ષકોના મૃત્યુ બાદ પૂર્વીય ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં

ચાલી રહેલા સંઘર્ષને ઉકેલવા માટે રાજદ્વારી પ્રયાસોને વધુ તીવ્ર બનાવવા હાકલ કરી છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડયા

- આજે તમામ અખબારોમાં પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ ઘાટ પર થયેલી ધક્કામુક્કીમાં 30ના મોતના સમાચાર તમામ અખબારોમાં જોવા મળી રહ્યાં છે..
- આ ઉપરાંત ઇસરોની અનોખી સિધ્ધિ , ટ્રપલ તલાકની તમામ એફઆઇર અને ચાર્જશીટના ડેટા આપવા સુપ્રિમ કોર્ટનો આદેશ
- શનિવારે કેન્દ્રીય બજેટ રજૂ  થવાનું છે તો તે દિવસે શેરબજાર ચાલુ રાખવા સમાચાર પણ દરેક અખબારોમાં જોવા મળી રહ્યાં છે.
- ગુજરાત સમાચારે મૌની અમાવાસ્યાના દિવસે મહાકુંભરમાં માતમના હેડિંગ અને તસવીર સાખે સમાચાર પ્રકાશિત કર્યા છે.
- સંદેશે મહાકુંભમાં ભાગદોડમાં એક ગુજરાતી સહિત 30ના મોતના સમાચર પ્રસિધ્ધ કર્યા છે.
- આ ઉપરાંત ભાસ્કર દૈનિકે મહાકુંભની ધક્કામુક્કીની સાથએસાથે ઇસરોના આગામી પાંચ વર્ષમાં 100 નવા મિશનને લોંચ કરવાના ટાર્ગેટના સમાચાર પણ પ્રસિધઅધ કર્યા છે